એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી
મારે મંદિરીયે આવોને

મારે મંદિરીયે આવો મારાં વહ્ાલા (૨)
આવો મારાં વહ્ાલા હું તો કરું કાલાવાલા (૨)
હે મારાં આંગણિયા શોભાવો ને ..

એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી
મારે મંદિરીયે આવોને

નાની શી ઝુંપડી ને મન મારાં મોટા (4)
એમાં હું તમને સમાવું રે..

એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી
મારે મંદિરીયે આવોને

આત્માનાં પુષ્પ થી તમને વધાવશું (૪)
લેવો અમુલખ લહાવો રે..

એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી
મારે મંદિરીયે આવોને

માયાની મૂડીમાં એક તારું નામ છે  (૨)
એક તારું નામ છે ને કરે મારું કામ છે  (૨)
હે બીજી વાતોનો અભાવો રે

એક વાર એક વાર પાર્શ્વ પ્રભુજી
મારે મંદિરીયે આવોને

(ચગાવવું)

(દુહા, છંદ વિગેરે )